# શ્રી સત્તાવીસ ગામ કડવા પાટીદાર સમાજ, (દાતાશ્રીનું નામ)
# જીવન વિમા યોજના

## ઓફિસ : - શેઠ શ્રી છગનભાઈ આઈ. પટેલ સમાજ ભવન, રણછોડપુરા
## તા. વિજાપુર – જી. મહેસાણા

આપણા સમાજના ભાઈ-બહેનો માટે જીવન વિમા યોજનાં તારીખ : ૧૫/૦૧/૨૦૨૩ થી શરુ કરવામાં આવનાર છે.

જે નીચે મુજબની કામગીરી કરશે.

શ્રી સત્તાવીસ ગામ કડવા પાટીદાર સમાજ (દાતાશ્રીનું નામ) જીવન વિમા યોજનામાં નોધાયેલ સભાસદનું આકસ્મિત કે કુદરતી અવસાન થાય તે સમયે તેના પરિવાર પર આવી પડતી આર્થિક જવાબદારીમાં મદદરૂપ થઇ તેમના વારસદારને ભવિષ્યની સલામતી જળવાય તે હેતુથી (દાતાશ્રીનું નામ) જીવન વિમા યોજના ચાલુ કરવાની છે. આ યોજના ફક્ત શ્રી સત્તાવીસ ગામ કડવા પાટીદાર સમાજ સેવા કેળવણી ટ્રસ્ટ,રણછોડપુરાના નોંધાયેલા સભ્યો અને તેના પરિવારના સભ્યો પુરતી જ રહેશે.

### (દાતાશ્રીનું નામ) જીવન વિમા યોજનાના સભ્યશ્રીઓ માટેના મુખ્ય નિયમો

- આ યોજનામાં ૨૧ થી ૬૫ વર્ષ સુધીના સત્તાવીસ ગામ કડવા પાટીદાર સમાજ (દાતાશ્રીનું નામ) જીવન વિમા યોજનામાં નોંધાયેલ સભ્યો પુરતી જ રહેશે.
- અતિ ગંભીર બીમારી કે જીવલેણ રોગથી પીડિત વ્યક્તિ યોજનામાં જોડાઇ શકશે નહિ. કેન્સર, કિડની, એઇડ્સ કે અન્ય કોઈપણ ગંભીર રોગ.
- આ યોજનાના નવા સભ્યો માટે ફોર્મ ભરી જરૂરી માહિતી સાથે સમાજે નિયુક્ત કરેલ ડોક્ટરશ્રી પાસે ડોકટરી તપાસ કરાવવી ફરજીયાત રહેશે. તેમના અભિપ્રાય મુજબ સભ્ય ફી ભરી નવા સભ્યને દાખલ કરવામાં આવશે.
- દાખલ ફી સભ્યના મૃત્યુ બાદ તેમના વારસદારને પરત કરવામાં આવશે નહિ. આ યોજનના સભાસદનું ૬ (છ) માસની અંદર અવસાન થશે તો સભ્ય ફી સભાસદના પરિવારને પરત કરવામાં આવશે.
- સભાસદ બન્યા તારીખથી ૧૨ (બાર) મહિના પછીથી જોખમ કવર થશે. અકસ્માતના કિસ્સામાં સભાસદ બન્યા તારીખથી ૬(છ) માસથી જ આ યોજનાનો લાભ મળશે.
- ઉંમરના પુરાવા માટે જન્મતારીખનો દાખલો (LC) રજુ કરવાની થાય તેમજ તાજેતારનો પાસપોર્ટ સાઈઝનો ફોટો -૨, આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ, રેશન કાર્ડની ઝેરોક્ષની નકલ અરજી ફોર્મ સાથે આપવાની રહેશે.
- સભ્યપદનો ચેક શ્રી સત્તાવીસ ગામ કડવા પાટીદાર સમાજ (દાતાશ્રીનું નામ) જીવન વિમા યોજનાના નામનો જ આપવાનો રહેશે. મની ઓર્ડર/RTGS/NEFT/રોકડા બહારગામનો ચેક સ્વીકારવામાં આવશે નહિ.
- સભાસદે વારસદારનું નામ ભવિષ્યનો વિચાર કરી લખાવવો જરૂરી છે સભાસદના મૃત્યુ બાદ સહાયની રકમ નોંધાયેલ વારસદારને મળવાપાત્ર રહેશે. સભાસદની હયાતીમાં સભાસદ વારસદારના નામ ઉમેરી કે કમી કરી શકશે.

**આ યોજનામાં જોડવા માટે સભ્યદીઠ દાખલ ફી એક જ વખત નીચેના કોષ્ટક મુજબ ઉમરના રેશિયા પ્રમાણે આપવાની રહેશે.**

| ક્રમ | ઉંમર | દાખલ ફી |
|---|---|---|
| ૧ | ૨૧ થી ૩૦ | ૪૦૦૦ |
| ૨ | ૩૧ થી ૪૦ | ૬૦૦૦ |
| ૩ | ૪૧ થી ૫૦ | ૧૦૦૦૦ |

| ક્રમ | ઉંમર | દાખલ ફી |
|---|---|---|
| ૪ | ૫૧ થી ૬૦ | ૧૪૦૦૦ |
| ૫ | ૬૧ થી ૬૫ | ૧૮૦૦૦ |

**આ ઉપરાંત નોંધાયેલ સભ્યશ્રીઓએ સભાસદના મૃત્યુ દીઠ મૃત્યુ સહાય ફાળો રૂપિયા ૧૦૦/- (રૂપિયા ૧૦૦) મુજબ સમય મર્યાદામાં જમા કરાવવાનો રહેશે. સમયાંતરે મૃત્યુ સહાય ફાળો ફેરફારને પાત્ર રહેશે.**

## (દાતાશ્રીનું નામ) જીવન વિમા યોજનાના સભાસદને મળવા પાત્ર લાભ

- સભાસદના મૃત્યુની જાણ શ્રી સત્તાવીસ ગામ કડવા પાટીદાર સમાજ (દાતાશ્રીનું નામ) જીવન વિમા યોજનાની ઓફિસ :- શેઠ શ્રી છગનભાઈ આઈ. પટેલ સમાજ ભવન, રણછોડપુરા ખાતે કરવાની રહેશે.
- સહાયની રકમ ચેકથી તેમના નોંધાયેલા વારસદારને ચુકવવામાં આવશે. વારસદાર હયાત ન હોય અથવા નોંધયેલ ન હોય ત્યારે તેમની સીધી લીટીના વારસદાર હકદાર રહેશે.
- કોઇપણ સભાસદનું મૃત્યુ થાય ત્યારે જે તે સમયે સભ્યોની સંખ્યાના પ્રમાણમાં સભ્યદીઠ રૂપિયા ૧૦૦/- અંકે રૂપિયા સો ના ગુણાંકમાં મૃત્યુ પામનારના વારસદારને મૃત્યુ સહાયનો લાભ મળશે. **ઉદાહરણ તરીકે ૩૦૦૦ સભ્યો થાય તો ૩૦૦૦*૧૦૦= ૩,૦૦,૦૦૦/- (ત્રણ લાખ રૂપિયા) નો લાભ મળવાપાત્ર થાય. વખતોવખત રકમમાં વધારો થતો રહેશે.**

## (દાતાશ્રીનું નામ) જીવન વિમા યોજનાના સભાસદની જવાબદારી

- કોઇપણ સભ્યના અવસાન થયેથી દરેક નોધાયેલા સભાસદે મૃત્યુ સહાય ફાળો ૧૦૦/- નો હપ્તો પત્ર મળેથી એક માસમાં ઓફિસમાં જમા કરાવી પહોંચ મેળવી લેવાની રહેશે.
- સમય મર્યાદામાં મૃત્યુ સહાયનો હપ્તો ભરપાઈ ન કરનાર સભ્યની પ્રથમ લેખિત જાણ કરવામાં આવશે. પછીથી નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે.
- કસુરવાર સભ્યને કોઇપણ પ્રકારની જાણ કર્યા સિવાય તેનું સભ્યપદ રદ કરવામાં આવશે. જેની ગંભીર નોંધ લેવી અને તે સભ્યને કે તેમના વારસદારને કોઈપણ પ્રકારનું વળતર પરત આપવામાં આવશે નહિ.
- અતિ ગંભીર બીમારી જેવા કે  કેન્સર, કિડની, એઇડ્સ...વગેરે કોઈપણ ગંભીર રોગથી પીડિત વ્યક્તિ સભાસદ થઈ શકશે નહિ, પરંતુ રોગની માહિતી છુપાવી સભાસદ થશે તો તેની જાણ થયેથી સભ્યપદ તાત્કાલિક અસરથી રદ ગણાશે અને સભ્યને કે વારસદારને કોઈ વળતર આપવામાં નહિ આવે.
- મૃત્યુ સહાયના હપ્તાની રકમ સમયસર ન ભરનાર સભાસદ કે તેના વારસદારને કોઇપણ લાભ મળવા પાત્ર રહેશે નહિ.

## જીવન વિમા યોજના સમિતિ


શ્રી જગન્નાથભાઈ ડી પટેલ
(વિજાપુર/ટેચાવા)
**પ્રમુખશ્રી**
મો. ૯૯૨૫૦૮૫૩૯૪

શ્રી રમેશભાઈ આર. પટેલ
(સરદારપુર)
**ઉપપ્રમુખશ્રી**
મો. ૯૭૯૪૧૨૯૭૭

શ્રી જગદીશભાઈ એમ. પટેલ
(ભાથીપુર)
**મંત્રીશ્રી**
મો. ૮૩૨૦૩૦૧૪૭૭


## શ્રી સત્તાવીસ ગામ કડવા પાટીદાર સમાજ (દાતાશ્રીનું નામ) જીવન વિમા યોજના


શ્રી સુરેશભાઈ ડી. પટેલ
**પ્રમુખશ્રી**
મો. ૯૮૨૫૦૭૦૮૫૫

શ્રી રમેશભાઈ એમ. પટેલ
**ઉપપ્રમુખશ્રી**
મો. ૯૯૨૫૨૪૪૦૨૩

શ્રી રમણભાઈ એ. પટેલ
**મહામંત્રીશ્રી**
મો. ૯૪૨૬૭૨૮૫૪૨